## ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ-380 014

## તબીબી સારવાર અંગેના નિયમો CS(MA) Rules, 1944ને આધારે માર્ગદર્શક નોંધ

(કાર્યવાહક સમિતિએ તા.06-05-2016ના રોજ ઠરાવ્યા અનુસાર આ નિયમો લાગુ કરવામાં આવ્યા છે.)

### 1. કોને લાગુ પડશે

તબીબી સારવાર અંગેના નિયમો CS(MA) Rules, 1944, ગૂજરાત વિદ્યાપીઠના ઉચ્ચ શિક્ષણ વિભાગોમાં કાયમી જગા ઉપર અજમાયશી, કાયમી, પ્રતિનિયુક્તિ ઉપર નિમાયેલા સેવકોને લાગુ પડશે. ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણ વિભાગ અંતર્ગત આવતા વિભાગોની યાદી પરિશિષ્ટ-1 માં આપેલી છે. આ નિયમો કુલનાયકશ્રીને પણ લાગુ પડશે. આ ઉપરાંત કારોબારી સમિતિ ઠરાવે તેવા ભારત સરકારનું અનુદાન મેળવતા વિભાગોના સેવકોને ગ્રાન્ટ આપનારી એજન્સીની મંજૂરી બાદ લાગુ પાડી શકાશે. વિદ્યાપીઠની સેવામાંથી નિવૃત્ત થયેલા સેવકોને આ નિયમો લાગુ પડશે નહિ.

2. માન્ય હોસ્પિટલો

આ નિયમો હેઠળ નીચે દર્શાવેલી હોસ્પિટલોમાં લીધેલી સારવાર માટે માન્ય ખર્ચ ભરપાઇ કરી આપવામાં આવશે.

(1) ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા સંચાલિત આરોગ્ય કેન્દ્ર તથા નિસર્ગોપચાર કેન્દ્ર

(2) રાજ્ય સરકાર દ્વારા ચલાવાતી તમામ હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો,

રાજ્ય સરકારની હોસ્પિટલ તથા સમકક્ષ હોસ્પિટલમાં નીચેનાનો સમાવેશ થાય છે.

I. ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી
II. મહાનગરપાલિકા સંચાલિત તમામ હોસ્પિટલ્સ, દવાખાના, ડિસ્પેન્સરીઝ
III. નગરપાલિકા સંચાલિત તમામ હોસ્પિટલ્સ, દવાખાના, ડિસ્પેન્સરીઝ
IV. જિલ્લાપંચાયત સંચાલિત તમામ હોસ્પિટલ્સ, દવાખાના, ડિસ્પેન્સરીઝ
V. યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિઓલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ
VI. ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ (એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ)
VII. ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ

(3) સીજીએચએસ તથા સીએસએમએ રુલ્સ દ્વારા માન્ય કરવામાં આવેલી હોસ્પિટલ, સીજીએચએસ અંતર્ગત માન્ય કરેલી અમદાવાદ શહેરની હોસ્પિટલ્સની યાદી આ સાથે પરિશિષ્ઠ-2 તરીકે સામેલ છે. સરકારશ્રી દ્વારા હોસ્પિટલની માન્યતા આપવાની, રદ કરવાની પ્રક્રિયા સતત ચાલતી હોય છે તેથી પરિશિષ્ઠમાં

દર્શાવેલી યાદી આખરી ગણવાની રહેશે નહિ. સેવકે જે તે હોસ્પિટલમાં સારવાર લેતા પહેલા તે હોસ્પિટલની માન્યતા અંગે ખાતરી કરી લેવાની રહેશે. સીજીએચએસ અંતર્ગત ખાનગી હોસ્પિટલોને કેટલાક ખાસ રોગો માટે જ માન્યતા આપવામાં આવતી હોય છે જે રોગ માટે માન્યતા આપવામાં આવી હોય તે રોગ માટે જ ખર્ચનું રીઇમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે.

(4) ભારત સરકાર દ્વારા અનુદાન આપવામાં આવતું હોય તેવી હોસ્પિટલ

(5) વિવિધ રોગો માટે ભારત સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલી હોસ્પિટલ.

(6) રાજ્ય સરકાર દ્વારા તેમના કર્મચારીઓને તબીબી ખર્ચ ભરપાઇ કરવાના હેતુથી માન્ય કરેલી હોસ્પિટલ (મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત મંજૂર કરવામાં આવેલી હોસ્પિટલ્સ. આવી હોસ્પિટલોની માહિતી રાજ્ય સરકારની વેબસાઇટ www.magujarat.com ઉપરથી મળશે.) રાજ્ય સરકાર માન્ય ટીબી સેનેટોરિયમની યાદી તથા રક્તપિત્ત, કેન્સર, પથરી અને કિડનીની સારવાર માટે માન્ય કરેલી હોસ્પિટલની યાદી આ સાથે પરિશિષ્ઠ-3 માં આપી છે.

નોંધ-1 ગુજરાત સરકાર દ્વારા એમપેનલ્ડ કરવામાં ખાનગી હોસ્પિટલ્સ જે રોગોની સારવાર માટે એમપેનલ્ડ કરવામાં આવી હોય તે જ રોગની સારવાર માટે તે માન્ય ગણાશે. આ માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવતા વખતોવખતના દર અને સીજીએચએસ દ્વારા નક્કી કરવામાં આવતા દર તે બેમાંથી જે ઓછું હોય તે દર મળવાપાત્ર થશે.

નોંધ-2 રાજ્ય સરકાર / સ્થાનિક સરકાર દ્વારા ચલાવાતી, રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત કે માન્યતાપ્રાપ્ત હોસ્પિટલમાં જો સારવાર ખર્ચ વસુલવામાં આવતો હોય તો ખરેખર ખર્ચ અને CGHS/CSMA રુલ્સ અનુસાર મળવાપાત્ર ખર્ચ બેમાંથી જે ઓછું હોય તેટલી રકમ મળવાપાત્ર થશે.

3.1 'તબીબી સારવાર' એટલે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નિમવામાં આવેલા તબિબી અધિકારીના તપાસખંડ અથવા વખતોવખત માન્ય કરેલા દવાખાના/ ઇસ્પિતાલ વિગેરેમાં શારીરિક, માનસિક રોગ માટે લેવામાં આવેલી સારવાર, સેવકના રહેઠાણ કે તબીબી અધિકારીના રહેઠાણ ઉપર આપવામાં આવેલી શારીરિક અને માનસિક રોગો માટેની સારવાર જેમાં માન્ય તબીબ દ્વારા સુચવવામાં આવેલા અને સરકારી તથા માન્ય લેબોરેટરીમાં પેથોલોજીકલ, બેક્ટેરીઓલોજીકલ, રેડીઓલોજીકલ અને નિદાન/સારવાર માટે જરૂરી તમામ ટેસ્ટનો સમાવેશ થાય છે.

રોગ નિદાન માટે માન્ય તબીબી અધિકારી દ્વારા સૂચવાયેલા પેથોલોજીકલ, બેક્ટેરીઓલોજીકલ, રેડીઓલોજીકલ અને નિદાન/સારવાર માટે જરૂરી તમામ ટેસ્ટ સામાન્યરીતે ફક્ત સરકારી હોસ્પિટલમાં અથવા સરકારી લેબોરેટરીમાં કરાવવાના રહેશે. દર્દી માન્ય હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ થયા હોય અને તે હોસ્પિટલ સંચાલિત લેબોરેટરીમાં કરાવેલી તપાસ માટેનો ખર્ચ નક્કી કરેલા પેકેજમાં સમાવિષ્ઠ થતો ન હોય તો સીજીએચએસના દરે ચુકવી શકાશે. આ પ્રકારના ખર્ચના વળતરના દાવા કરતી વખતે સેવકે આ પ્રકારના ટેસ્ટ કરવાના જરૂરી હતા તે અંગેનું માન્ય તબીબી અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

તબીબી સારવારમાં શારીરિક ક્ષમતા/સ્ટેમીનામાં વૃધ્ધિ માટે કરવામાં આવતી સારવાર, શારીરિક સૌંદર્યમાં વૃધ્ધિ માટેની સારવાર, શારીરિક સૌષ્ઠવ સુધારવા માટેની સારવાર તથા વ્યસન અને કુટેવોને કારણે થયેલા રોગ માટેની સારવારનો ખર્ચ ભરપાઇ કરી આપવામાં આવશે નહિ.

3.2 'માન્ય/ અમાન્ય દવાઓ' એટલે ભારત સરકારના વખતોવખતના ધોરણો અનુસાર જાહેર કરવામાં આવતી માન્ય/ અમાન્ય દવાઓ. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા જે દવાઓને Expensive drugs તરીકે જાહેર કરેલી છે તે દવાઓનો ખર્ચ પણ મળવાપાત્ર નથી. આયુર્વેદિક દવાઓ માટે માન્ય કરેલી કંપનીની જ દવાઓ લેવાની રહેશે. જે કંપનીઓને માન્યતા આપવામાં આવી છે તે કંપનીઓની યાદી સ્વામી પ્રકાશનના પુસ્તકમાં આપેલી છે.

**4. કુટુંબ તથા સેવકના આશ્રિત સભ્યો**

4.1 આ નિયમો અનુસાર કુટુંબ એટલે-

(1) સેવક અને તેના પત્ની/પતિ

(2) સેવકના આશ્રિત માતા-પિતા, ઓરમાન માતા (મહિલા સેવિકા તેમના માતા-પિતા અથવા તેમના સાસુ- સસરાના નામ તેમના આશ્રિત તરીકે દર્શાવી શકશે. તેણી તેમના વિકલ્પમાં સેવાના સમગ્ર સમયગાળા દરમ્યાન એક વખત ફેરફાર કરી શકશે.)

(3) સેવકના બાળકો (દત્તક, ઓરમાન સહિત) તે પૈકી પુત્ર માટે વધુમાં વધુ 25 (પચ્ચીસ) વર્ષ અથવા તે કમાતો થાય અથવા તેના લગ્ન થાય તેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી. પુત્રી કમાતી થાય કે તેના લગ્ન થાય બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી. (જો બાળક કાયમી શારીરિક કે માનસિક અશક્તતા ધરાવતું હોય તો વયમર્યાદા લાગુ પડશે નહિ.)

(4) વિધવા/ડિવોર્સી/ત્યકતા અને સેવકની આશ્રિત દીકરી તથા કુંવારી/ડિવોર્સી/ ત્યક્તા કે તેમના પતિથી અલગ રહેતી આશ્રિત બહેન જેમને માટે વયમર્યાદા લાગુ નથી

**(5)** આશ્રિત સગીર ભાઇઓ

**નોંધ-** જો માતા-પિતા હયાત હોય અને સેવકના આશ્રિત ન હોય તો સેવકના બહેન, સગીર ભાઇ આશ્રિત ગણાશે નહિ.

**4.2** આશ્રિત એટલે કુટુંબના જે સભ્યની માસિક આવક રૂ.3,500 (અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો ) વત્તા જે તે સમયે મળવાપાત્ર મોંઘવારી રાહત, તેટલી રકમ કરતા ઓછી આવક ધરાવતા અને સેવક સાથે રહેતા કુટુંબના સભ્યનો જ મેડીકલ ખર્ચ મજરે મેળવવાના હેતુ માટે આશ્રિત તરીકે સમાવેશ કરી શકાશે. સેવકના પત્ની/પતિના કિસ્સામાં આવકની મર્યાદા નથી. પતિ/પત્નિ તથા બાળકો સિવાયના આશ્રિત કુટુંબના સભ્યો અંગેનું ડિક્લેરેશન દર વર્ષે તા. 01 થી 10 જાન્યુઆરી સુધીમાં ત્રણ નકલમાં કુલસચિવશ્રીના કાર્યાલયમાં આપવાનું રહેશે તથા સેવકે આશ્રિત અંગે પુરી પાડેલી માહિતીમાં વર્ષ દરમ્યાન ફેરફાર થાય ત્યારે તુરત જ ફેરફાર અંગેની જાણ કરી સેવાના રેકર્ડમાં ફેરફાર કરાવી લેવાનો રહેશે. ડિક્લેરેશન માટેના પત્રકની નકલ આ સાથે પરિશિષ્ઠ-4 તરીકે સામેલ છે.

**4.3** સેવકના ભાઇ બહેન કોઇ જગ્યાએ નોકરી કરતા હોય અને તેમના માતાપિતા માટે તેઓ મેડિકલ ખર્ચ મજરે મેળવતા હોય તો સેવકે તેમના માતા પિતાનું નામ રદ કરાવવાનું રહેશે.

**4.4** રેલવે કે આર્મીમાં ફરજ બજાવતા સેવકના પતિ કે પત્ની, તેમના બાળકો માટે તબીબી સારવારનો ખર્ચ મજરે મળવાપાત્ર નથી.

**4.5** કાયમી ધોરણે શારીરિક અથવા માનસિક રીતે અશક્ત થઇ ગયેલા આશ્રિત બાળકોની સારવાર માટે વયમર્યાદા લાગુ પડશે નહિ.

**4.6** સેવકના પતિ/પત્ની સરકારી કે અર્ધસરકારી સંસ્થામાં સેવા બજાવતા હશે તેમને ફિક્સ તબીબી ભથ્થું અથવા તબીબી ખર્ચ મળતો હશે તો તે જતો કરવો પડશે અને તે મતલબનું તેમની સંસ્થાના અધિકૃત અધિકારીની સહી સાથેના પ્રમાણપત્ર સાથે સંયુક્ત ડિક્લરેશન આપવાનું રહેશે. જેનો નમુનો આ સાથે પરિશિષ્ઠ-5 તરીકે સામેલ છે. જો સેવકના પતિ/પત્ની તેમની સંસ્થામાંથી તબીબી ભથ્થું / તબીબી સારવારનો લાભ લેવાનું ચાલુ રાખે તો સેવકના પતિ/પત્નીને આ નિયમો હેઠળ લાભ મળવાપાત્ર થશે નહિ પરંતુ તેમના બાળકોને આ નિયમો હેઠળ લાભ મળી શકશે.

**5.** **સેવકે તબીબી સારવારના હેતુ માટે લીધેલી વીમા પોલિસી અંગે**

સેવકે વીમા કંપની પાસેથી મેડીક્લેઇમ વીમા પોલીસી લીધી હશે તો સેવક વીમા કંપની ઉપરાંત વિદ્યાપીઠ પાસેથી કુલ ખર્ચની મર્યાદામાં સારવારનો ખર્ચ ભરપાઇ મેળવી શકશે. આ માટે સેવકે સૌ પ્રથમ વીમા કંપની પાસે દાવો રજૂ કરવાનો રહેશે. વીમા કંપનીને આ માટે ઓરીજીનલ બીલ, રસીદો વિગેરે વીમા કંપનીના ધોરણો અનુસાર પૂરાં પાડવાના રહેશે વીમા કંપની પાસે દાવાની પતાવટ થઇ જાય પછી બાકીની રકમ માટે વીમા કંપનીને પૂરાં પાડેલા દસ્તાવેજોની ફોટો નકલ, વીમા કંપનીએ કરેલા ચુકવણાની નકલ વિગેરેના આધાર સાથે બે માસની સમય મર્યાદામાં વિદ્યાપીઠમાં નિયત પત્રકમાં ક્લેઇમ રજૂ કરવાનો રહેશે. ફોટો નકલની પાછળ વીમા કંપનીના સહી-સિક્કા કરાવવાના રહેશે. વીમા કંપનીએ મંજૂર કરેલા દાવા ઉપરાંત સેવકને કુલ ખર્ચની મર્યાદામાં ભારત સરકારના ધોરણો અનુસાર ખર્ચ મંજૂર કરી શકાશે.

**6.** આ નિયમો હેઠળ સેવક અને સેવક કુટુંબના સભ્યોને સામાન્ય રોગો ઉપરાંત નીચે જણાવેલા રોગો માટે ભારત સરકારના વખતોવખતના નિયમ અનુસાર તબીબી ખર્ચ ભરપાઇ મળવાપાત્ર થશે.

**અ.** ભારતમાં માન્ય ઇસ્પિતાલ/ દવાખાનામાં કરાવાતી સારવાર માટે

| ક્રમ | સારવારની વિગત | સારવારની વિગત |
|---|---|---|
| 1. | Avitaminosis and Hypovitaminosis | વિટામીનની ઉણપ દૂર કરવા માટેની સારવાર |
| 2. | Correction of squient (eye) | ત્રાંસી આંખ અંગેની સારવાર |
| 3. | Disease(s) causing general debility and secondary anaemia | શારીરિક દુર્બળતા અને પાંડુ રોગ |
| 4. | Treatment for immunizing and prophylactic purposes- in the case of communicable diseases only. | ચેપી રોગ અટકાવી શકાય તે માટે રસીકરણ |
| 5. | Venereal diseases and Delirium Tremens | જાતીય અને ગુપ્ત રોગો તથા માનસિક રોગો |
| 6. | Treatment of sterility. | વ્યંધત્વ નિવારણની સારવાર |
| 7. | Operation for sterilization. | સંતતિ નિયમન માટેની શસ્ત્રક્રિયા |
| 8. | Medical termination of pregnancy performed at Government hospital / recognized institution. | સરકારી/ માન્ય દવાખાનામાં ગર્ભપાત અંગેની શસ્ત્રક્રિયા/ સારવારનું ખર્ચ |
| 9. | Confinement including at residence if attended by Child | પ્રસૂતિ પહેલા અને પછી લીધેલી સારવાર જેમાં બાળ |

| | | |
|---|---|---|
| | welfare and Maternity Centre Staff ; pre-natal and post- natal treatment. | કલ્યાણ અને પ્રસૂતિગૃહના કર્મચારીઓ દ્વારા સેવકના નિવાસ સ્થાને આપવામાં આવેલી સારવારનો સમાવેશ થાય છે. |
| 10. | Testing of eyesight for glasses (once in three years) | માત્ર સેવક માટે, ત્રણ વર્ષમાં એક વખત આખના નંબર તપાસ માટેનું ખર્ચ. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સેવકે આંખના નંબરની તપાસ માટે ક્લેઇમ કર્યો નથી તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. સેવક કુટુંબના સભ્યોને આ લાભ મળવાપાત્ર નથી.<br>મોતીયાનું ઓપરેશન કરાવ્યું હોય અને નેત્રમણી મુકાવ્યો હોય નીચેની મર્યાદામાં નેત્રમણીનો ખર્ચ મંજૂર કરી શકાશે.<br>1.Hydrophobic Foldable IOL – Rs.5,800<br>(Multi-piece/ Single-piece Aspheric)<br>2.Hydrophilic Acrylic Lens -Rs.4,500<br>3.PMMA IOL Rs.500<br>મેડીકલ બીલ સાથે IOL ના ખાલી સ્ટીકર જોડવાના રહેશે. જો નેત્રમણી ન મુકાવ્યો હોય અને કન્વેન્શનલ પધ્ધતિએ ઓપરેશન કરાવ્યું હશે તો ચશ્માનો ખર્ચ રૂ.200 સુધી મંજૂર કરી શકાશે. |
| 11. | Blood and blood transfusion charges. | લોહી તથા લોહી ચઢાવવા અંગેનો ખર્ચ |
| 12. | Dental treatment – (Only in Government hospitals, private recognized hospitals) Surgical operations needed for removal of Odontomes and impacted wisdom-tooth; treatment of gum boils extraction. Scaling and gum treatment including Pyorrhoea and Gingivities, filling of teeth (cost of denture reimbursable.) Root canal treatment | દાંતની સારવાર (માત્ર સરકારી દવાખાના) જેમાં- દાંત કઢાવવા, અને ડહાપણની દાઢ કઢાવવા માટે કરવી પડતી શસ્ત્રક્રિયાનો ખર્ચ, દાંતના મૂળની સારવાર, દાંત સાફ કરાવવા, દાંતમાં ફીલીંગ, અવાળાની સારવાર, પેઢાની સારવારનો સમાવેશ થાય છે. પૂરા દાંતના ચોકઠા માટે વધુમાં વધુ રૂ.2,000 અને એક જડબાના ચોકઠા માટે વધુમાં વધુ રૂ.1,000 મળવાપાત્ર થશે. સેવાકાળ દરમ્યાન માત્ર એક વખત |
| 13. | Anti-rabic treatment | હડકવા વિરોધી સારવાર |
| 14. | Cost of Hepatitis Vaccine B,C & D. | હિપેટાઇટીસ વેક્સિન-બી,સી અને ડી |
| 15. | In-Vitro Fertilization (IVF) treatment | વ્યંધત્વ નિવારણ માટે IVF સારવાર<br>-મહિલા દર્દીની ઉંમર 21 થી 39 વર્ષની હોવી જોઇએ.<br>-દર્દીએ લગ્ન કરેલા હોવા જોઇએ અને તેમના પતિ સાથે |

| | | |
|---|---|---|
| | | રહેતા હોવા જોઇએ.<br>-પતિ-પત્નીને(કપલને) કોઇ હયાત બાળક હોવું ન જોઇએ.<br>-વધુમાં વધુ ત્રણ સાયકલ માટે, પ્રતિ સાયકલ રૂ.65,000ની મર્યાદામાં ખર્ચ ભરપાઇ થઇ શકશે.<br>-IVF સારવારની માન્યતા માટે અન્ય કન્વેન્શનલ ટ્રિટમેન્ટ સફળ નથી થઇ તે બાબતના ચોક્કસ આધાર જરૂરી<br>-સરકારી/માન્ય ઇસ્પિતાલ આ સારવાર લેતા પહેલા સિવીલ હોસ્પિટલના ગાયનેક વિભાગના વડાની લેખિત ભલામણ જરૂરી. |
| 16. | Reimbursement of cost of Liver Transplant Surgery. | લીવર પ્રત્યારોપણ માટે ઓપરેશન |
| 17. | Reimbursement of cost of surgery of photo selective Vaporization of Porstate (PVP) using Green Light HPS Fibre (Angled Delivery Device) | પ્રોસ્ટેટનું ઓપરેશન તથા સારવાર |

**નીચે દર્શાવેલા રોગો માટે ભારત ઉપરાંત પરદેશમાં પણ સારવાર કરાવી શકાશે.**

| ક્રમ | સારવારની વિગત | સારવારની વિગત |
|---|---|---|
| 1. | Cardio vascular surgery. | હૃદયરોગની સારવાર |
| 2. | Kidney transplant | કિડની પ્રત્યારોપણ<br>કિડની પ્રત્યારોપણના કિસ્સામાં કિડની દાતાનો ઓપરેશન અને ઓપરેશન પછીની સારવાર માટેનો ખર્ચ ચુકવી શકાશે. |
| 3. | Other organ transplant | અન્ય અંગોનું પ્રત્યારોપણ |
| 4. | Joint replacement and surgery | સાંધા બદલવા માટે ઓપરેશન |
| 5. | Bone-marrow transplant | અસ્થિમજ્જા પ્રત્યારોપણ |
| 6. | Certain types of medical and oncological disorder such as Leukaemia and neoplastic conditions. | લોહી તથા અન્ય કેન્સર |
| 7. | Micro vascular surgery and neuro surgery. | મગજ તથા કરોડરજ્જૂની સૂક્ષ્મ સર્જરી |
| 8. | Treatment with Laser which obviates the need of open surgery. | ઓપરેશનના નિવારણ માટે લેસર સારવાર |

| | | |
|---|---|---|
| 9. | Treatment with Argon, Krypton and Yag Laser in Ophthalmic cases. | આંખ માટે લેસર સારવાર |
| 10. | Extra corporeal stone disintegration by ultrasonic shock waves. | મશીનથી પથરી તોડવા અને દૂર કરવા માટેની સારવાર |

નોંધ - 1.ભારત સરકારના વખતોવખતના ધોરણો અનુસારની મર્યાદામાં ખર્ચ ભરપાઇ કરી આપવામાં આવશે.

2.પરદેશમાં સારવાર લેવા માટે ભારત સરકાર દ્વારા રચવામાં આવેલી સ્થાયી સમિતિને અરજી કરી પરવાનગી/ ભલામણ મેળવવાની રહેશે.

6.2 કોઇપણ એક રોગ માટે દર્દીને એક જ પ્રકારની સારવાર પધ્ધતિનો ખર્ચ ભરપાઇ કરી આપવામાં આવશે. એક જ રોગ માટે એક કરતા વધુ સારવાર પધ્ધતિ માટે તબીબી ખર્ચ ભરપાઇ કરી આપવામાં આવશે નહિ. જો કે દર્દીએ અલગ અલગ રોગ માટે અલગ સારવાર પધ્ધતિ અનુસાર સારવાર લીધી હશે તો તે ખર્ચ માન્ય કરી શકાશે. તે અનુસાર એક રોગ માટે એક સમયે એક જ તબીબ/ઇસ્પિતાલનો ખર્ચ માન્ય રાખી શકાશે. એક કરતા વધુ તબીબ/ઇસ્પિતાલમાં સારવાર કરાવી હશે તો તે અંગેનો ખર્ચ માન્ય/અમાન્ય કરવા અંગે તબીબી અધિકારી નિર્ણય કરશે.

6.3 કૃત્રિમ સાધનો અંગેનું ખર્ચ

કાન માટે હિયરીંગ એઇડ, જયપુર ફુટ, હાર્ટ પેસ મેકર, હૃદયના વાલ્વ, ઘુંટણ અને થાપાના હાડકાંનું પ્રત્યારોપણ, વિગેરે જેવા કૃત્રિમ સાધનો માટે ભારત સરકારના વખતોવખતના ધોરણો અનુસાર ખર્ચ ભરપાઇ કરી શકાશે.

6.4 મેડિકલ એટેન્ટન્સ માટે ભારત સરકાર દ્વારા નક્કી કર્યા અનુસાર દર્દી કોઇ એક રોગ માટે માન્ય તબીબ/ ઇસ્પિતાલને દશ દિવસના ગાળામાં ચાર વખત કન્સલ્ટ કરી શકશે. આયુર્વેદિક તથા હોમિયોપેથી પધ્ધતિ અંતર્ગત ચાલતી સારવાર માટે આ સમયગાળો વીસ (20) દિવસનો રહેશે. આ સમયગાળામાં ચાર વખતથી વધુ કન્સલ્ટેશન કરવામાં આવ્યું હશે તો વધારાના કન્સલ્ટેશન માટે તબીબી ખર્ચ ચુકવી શકાશે નહિ. જો રોગ અલગ હશે તો વીસ દિવસની મર્યાદા લાગુ પડશે નહિ. એક જ રોગ માટે અવાર નવાર સારવાર લેવાનો પ્રસંગ બને તો બે સારવાર વચ્ચે પંદરેક દિવસનો સમયગાળો હોવો જરૂરી છે. અન્યથા એલોપથી સારવાર હેઠળ દશ દિવસ અને આયુર્વેદિક તથા હોમિયોપેથી સારવાર હેઠળ વીસ દિવસમાં દર્દીને સારુ ન થાય તો કેસ માન્ય સરકારી દવાખાનામાં રીફર કરવાનો રહેશે.

કેટલાક રોગો જેવા કે- બ્લડ-પ્રેશર, થાઇરોઇડ વિગેરેમાં દર્દીને જો લાંબાગાળા માટે સારવાર લેવાની જરૂરીઆત જણાય તો તે માટે સરકારી દવાખાનામાં સારવાર લેવાની રહેશે.

તબીબી અધિકારીશ્રી દ્વારા પ્રિસ્ક્રાઇબ કરી આપેલી દવા પ્રિસ્ક્રિપ્શનની તારીખથી દિન-14માં ખરીદવાની રહેશે.

6.5 જો તબીબી અધિકારીને એમ જણાય કે દર્દીનો કેસ ગંભીર છે અને તેને સ્પેશીઆલીસ્ટ પાસે મોકલવાની જરૂર છે તો તે દર્દીને નજીકના માન્ય સ્પેશીઆલીસ્ટ પાસે મોકલી શકશે અને જો દર્દીની હાલત વધુ ગંભીર હોય અને તે ડોક્ટર પાસે જઇ શકવાની સ્થિતિમાં ન હોય તો સ્પેશીઆલીસ્ટને દર્દીના ઘેર બોલાવી શકશે.

**નોંધઃ- કોઇપણ સંજોગોમાં તબીબી અધિકારી દર્દીને ખાનગી તબીબ કે ક્લિનીકમાં મોકલવાની, કે રાજ્ય બહાર સારવાર માટે મોકલવાની ભલામણ કરી શકશે નહિ. કોઇ રોગ માટે નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર ઉપલબ્ધ ન થઇ શકે તેમ હોય જ નજીકની ખાનગી હોસ્પિટલમાં લઇ જવાના રહેશે. તેવી રીતે રાજ્યની સરકારી હોસ્પિટલોમાં સારવાર ઉપલબ્ધ ન થઇ શકે તેમ હોય તો જ રાજ્ય બહાર સારવાર માટે લઇ જઇ શકાશે. આ માટે સંબંધિત સરકારી મુખ્ય તબીબી અધિકારીનું લેખિતમાં પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે.**

6.6 સેવિકાને કે સેવકના પત્નીને પ્રસૂતિ સમયે વધુમાં વધુ બે હયાત બાળકો માટે પ્રસૂતિનો ખર્ચ માન્ય ધોરણો અનુસાર ભરપાઇ કરી આપવામાં આવશે.

7. કન્સલ્ટીંગ ચાર્જ

માન્ય દવાખાના/ ઇસ્પિતાલમાં જો કન્સલ્ટીંગ ચાર્જ વસુલવામાં આવતો હોય તો નીચેના દરે ખર્ચ ભરપાઇ કરી શકાશે.

**નિષ્ણાત/ એમ.ડી. ડૉક્ટર્સ પાસે લીધેલી સારવાર માટે**

| | | |
|---|---|---|
| અ. | કન્સલ્ટીંગ ફી- પ્રથમ વખત | રૂ.100 |
| | ત્યારપછીના કન્સલ્ટેશન માટે | રૂ.60 |
| બ. | ઇન્જેક્શન ફી | |
| | ઇન્ટ્રામસ્ક્યુલર | રૂ.20 |
| | ઇન્ટ્રાવીનસ | રૂ.40 |

**એમબીબીએસ તથા સમકક્ષ ડૉક્ટર્સ પાસે લીધેલી સારવાર માટે**

| | | |
|---|---|---|
| અ. | કન્સલ્ટીંગ ફી- પ્રથમ વખત | રૂ.70 |

ત્યારપછીના કન્સલ્ટેશન માટે રૂ.40

બ. ઇન્જેક્શન ફી

ઇન્ટ્રામસ્ક્યુલર રૂ.20

ઇન્ટ્રાવીનસ રૂ.40

હોમિયોપેથી તથા આયુર્વેદિક કન્સલ્ટન્સી માટે અલગ દર છે.

8. માન્ય તબીબની ભલામણ અનુસાર દર્દી સરકારી કે સરકાર માન્ય લેબોરેટરીમાં લેબોરેટરી ટેસ્ટ/ એક્સ રે કે સોનોગ્રાફી કરાવી શકશે. માન્ય તબીબે દ્વારા લેબોરેટરી/પેથોલોજી ટેસ્ટ માટે ભલામણ બે અઠવાડીઆ સુધી માન્ય રહેશે.

**9.** ઇમરજન્સી, ગંભીર અકસ્માત વિગેરે સંજોગોમાં જો સરકારી કે માન્ય ઇસ્પિતાલ/દવાખાના દૂર હોય અથવા તેમાં સારવાર ઉપલબ્ધ ન થઇ શકે તેમ હોય અથવા દર્દી નિર્ણય ન લઇ શકે તેવી સ્થિતિમાં હોય ત્યારે સરકારી કે માન્ય દવાખાના સિવાય ખાનગી હોસ્પિટલમાં લીધેલી સારવાર માટે સારવાર તથા દવાનો ખર્ચ ભરપાઇ કરી શકાશે. દર્દીની હાલત ગંભીર હતી કે નહિ તે કુલસચિવશ્રી તબીબી અધિકારીશ્રીના અહેવાલને આધારે નક્કી કરશે. આવી સ્થિતિમાં ખાનગી હોસ્પિટલમાં લીધેલી સારવાર માટે સીજીએચએસ (Non-NABH) ના ધોરણે અનુસાર સારવાર તથા દવાનો ખર્ચ કરી શકાશે.

**10 અંદરના દર્દી તરીકે સારવાર**

**10.1** સેવક અથવા તેના કુટુંબના સભ્યોને જ્યારે અંદરના દર્દી તરીકે સારવાર લેવાનો પ્રસંગ બને ત્યારે સેવકના પગાર મુજબ, તેને મળતી વોર્ડ કેટેગરી પ્રમાણે સારવારનો ખર્ચ ચુકવવામાં આવશે .

| **ક્રમ** | **પે બેન્ડમાં પગાર (પે બેન્ડ સિવાય)** | **મળવાપાત્ર વોર્ડ** |
|---|---|---|
| 1. | રૂ.13,950 સુધી | જનરલ વોર્ડ |
| 2. | રૂ.13,960 થી રૂ.19,530 | સેમી પ્રાઇવેટ વોર્ડ |
| 3. | રૂ.19,540 અને વધારે | પ્રાઇવેટ વોર્ડ |

10.2 જો સેવકને મળવાપાત્ર વોર્ડ ઉપલબ્ધ ન હોય અને મળવાપાત્ર વોર્ડ કરતા ઉંચા ભાડાવાળા વોર્ડમાં સારવાર લેવાનો પ્રસંગ બને તો સેવકે ઇસ્પિતાલના સુપ્રિન્ટેન્ડન્ટનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે કે દર્દીને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા ત્યારે તેમને મળવાપાત્ર કેટગરીના વોર્ડ ઉપલબ્ધ ન હતા/ ખાલી ન હતા અને દર્દીને સારવાર આપવામાં વિલંબ કરી શકાય તેમ ન હતો. પ્રસૂતિના કિસ્સામાં સુપ્રિન્ટેન્ડન્ટ પાસેથી વધારાનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે કે દર્દીને મળવાપાત્ર વોર્ડ અગાઉથી બુક થઇ ગયા હતા.

**11 તબીબી સારવાર ખર્ચની ચુકવણી**

11.1 તબીબી સારવાર ખર્ચની રકમ મજરે મેળવવા માટે સેવકે નિયત પત્રકમાં જરૂરી બીડાણો જેવા કે મૂળ પ્રિસ્ક્રિપ્શન, દવા ખરીદીના મૂળ બીલો, સારવાર ખર્ચના મૂળ બીલો, સાથે સારવાર લીધાના છ માસના સમયગાળામાં વિભાગીય અધ્યક્ષ મારફતે બીલ રજૂ કરવાનું રહેશે. સરકારી દવાખાના કે જ્યાં કેસ પેપરમાં પ્રિસ્ક્રિપ્સન લખવાની પ્રથા છે તેવા સંજોગોમાં કેસ પેપરની ફોટો નકલ સ્વીકાર્ય ગણાશે. આ ઉપરાંત જ્યારે દર્દીને લાંબાગાળાની સારવારની જરૂરીઆત હોય અને તે માટે તબીબ/ઇસ્પિતાલનું મૂળ પ્રિસ્ક્રિપ્શન પોતાની પાસે રાખવાની જરૂરીઆત હોય ત્યારે બીલ રજૂ કરતી વખતે પ્રિસ્ક્રિપ્શનની ફોટો નકલ વિદ્યાપીઠના તબીબી અધિકારીશ્રી પાસે પ્રમાણિત કરાવવાની રહેશે.

11.2 તબીબી અધિકારીશ્રીઓએ સામાન્યરીતે જનેરિક દવાઓ લખી આપવાની રહેશે. તબીબી અધિકારીશ્રી દ્વારા લખી આપેલી દવા પંદર દિવસ કરતા વધુ સમયગાળા માટે હોય તો સેવકે જનેરિક દવાના સ્ટોર્સમાંથી જનેરિક દવાઓ ખરીદવા પ્રાધાન્ય આપવાનું રહેશે.

11.3 જનેરિક સિવાયની દવાઓ માટે સામાન્યરીતે બીલમાં દશ ટકા વળતર આપવામાં આવતું હોય છે તે બીલમાં મેળવવાનો સેવકે આગ્રહ રાખવાનો રહેશે.

11.4 માન્ય દવાખાનાંમાં અંદરના દર્દી તરીકે લીધેલી સારવાર માટે રૂ.1,000 (રૂપિયા એક હજાર) થી વધુ બીલ થતું હોય તો જે હોસ્પિટલમાં સારવાર લીધી હોય તે હોસ્પિટલના તબીબના સહી-સિક્કા કરાવવાના રહેશે. તે સિવાયના બીલોમાં વિદ્યાપીઠના તબીબી અધિકારીશ્રીની સહી કરાવવાની રહેશે

11.5 ટોનીક (વિટામીન, લોહી વધારવાની દવા, કેલ્શિયમ, ભૂખ લાગવાની દવા) કબજીયાત, વજન ઉતારવાની દવાઓ વિગેરેનો ખર્ચ મજરે મળશે નહીં. પરંતુ કેટલાક રોગને કારણે શરીરમાં અશક્તિ આવી ગઇ હોય તો તે દૂર કરવા માટેની સારવારનો ખર્ચ મળવાપાત્ર થશે.

11.6 ટી બી ની સારવાર માટે માન્ય ટી બી સેનેટોરીયમમાં લીધેલી સારવાર માટે વખતોવખતના ધોરણો અનુસાર મળવાપાત્ર ખોરાકનો ખર્ચ ચુકવવામાં આવશે. અન્ય રોગ માટે કોઇ હોસ્પિટલમાં દાખલ થવું પડે અને તે હોસ્પિટલમાં ખોરાક, એકોમોડેશન, મેડિકલ અને સર્જીકલ સારવાર, સામાન્ય નર્સિંગ વિગેરેનું સંયુક્ત બીલ આપવામાં આવતું હોય તો કુલ રકમના 20 ટકા રકમ ખોરાકની ગણી બાદ કરવામાં આવશે અને

જો બીલની રકમમાં ખોરાક, એકોમોડેશન અને સામાન્ય નર્સિંગનો સમાવેશ થતો હશે તો બીલની કુલ રકમના 50 ટકા રકમ ખોરાકની ગણવામાં આવશે. આ નિયમને આધારે વિદ્યાપીઠ સંચાલિત નિસર્ગોપચાર કેન્દ્રમાં અંદરના દર્દી તરીકે લીધેલી સારવાર માટે કુલ બીલના 20 ટકા રકમ ખોરાકની રકમ ગણવામાં આવશે.

11.7 દર્દીને હોસ્પિટલમાં વિશેષ નર્સિંગની જરૂર પડે વિશેષ નર્સીંગ માટે વખતો વખત મળવાપાત્ર ધોરણે નર્સિંગનો ખર્ચ ભરપાઇ કરી આપવામાં આવશે. હાલમાં મહત્તમ દર નીચે મુજબ છે.

સ્પેશિઅલ નર્સ – 12 કલાકની શીફ્ટ માટે રૂ. 150/-

આયા/ એટેન્ડન્ટ – 12 કલાકની શીફ્ટ માટે રૂ. 75/-

11.8 સારવાર લીધા પછી છ માસના ગાળામાં બીલ રજૂ કરવાના રહેશે. તબીબી અધિકારીશ્રી દ્વારા જે દિવસે દવા પ્રિસ્ક્રાઇબ કરી આપે તેના રૂ.50 (પચાસ) થી ઓછી રકમનું બીલ હોય તેવા સંજોગોમાં છૂટક છૂટક બીલ રજૂ ન કરતા પાંચ માસના અંતે એક સાથે બીલ રજૂ કરવા.

11.9 કાયમી રોગ માટે સેવકે સરકારી હોસ્પિટલમાંથી દવા લેવાની રહેશે સામાન્યરીતે એલોપથીની એક માસ કરતા વધુ સમય દવા લેવાની થાય તો તેને કાયમી ગણવામાં આવશે. વિદ્યાપીઠના તબીબી અધિકારીએ એક માસ કરતા વધુ સમય માટે દવા લખી આપી હોય તો પણ સેવકે એક જ માસની દવા ખરીદવાની રહેશે બાકીના સમય માટે સરકારી દવાખાનામાંથી માર્ગદર્શન મેળવી સરકારી દવાખાનાના પ્રિસ્ક્રિપ્શન અનુસાર દવા ખરીદવાની રહેશે.

11.10 સેવકને બહારગામ ટપાલથી દવા મંગાવવાનો પ્રસંગ બને તો ટપાલનો ખર્ચ ચુકવી શકાશે નહિ.

**12.0 વિશિષ્ઠ રોગો માટે સારવાર**

12.1 કેન્સર

(1) સેવક કે સેવકના કુટુંબના સભ્ય કેન્સર માટે માન્ય હોસ્પિટલમાં સારવાર લઇ શકશે. જો માન્ય હોસ્પિટલમાં સારવાર ન થઇ શકે તેમ હોય તો તેઓ ટાટા મેમોરીઅલ હોસ્પિટલ મુંબઇ અથવા કેન્સર ઇન્સ્ટીટ્યુટ, ચેન્નાઇમાં વધુ સારવાર માટે મોકલી શકશે.

12.2 ડાયાબીટીસ

(1) તબીબી અધિકારીશ્રીની ભલામણને આધારે ડાયાબીટીસને નિયંત્રણમાં રાખવાની દવાઓનો ખર્ચ વધુમાં વધુ એક વર્ષ સુધી ભરપાઇ કરી શકાશે તેથી વધુ સમય માટે

દવાઓ લેવાનો પ્રસંગ બને તો સિવીલ સર્જન અથવા જિલ્લા તબીબી અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

12.3 મનોરોગ

(1) મનો રોગ માટે માત્ર સરકારી કે સરકાર માન્ય હોસ્પિટલમાં લીધેલી સારવાર માટેનો ખર્ચ ભરપાઇ કરી આપવામાં આવશે.

(2) દર્દીને ઇનડોર પેશન્ટ તરીકે સારવાર આપવાનો પ્રસંગ બને તો ભારત સરકારના ધોરણો અનુસાર સારવારનો ખર્ચ તથા ભોજનનો ખર્ચ ચુકવી શકાશે.

12.4 મેજર ઓપરેશન પછીની OPD સારવાર

હ્રદયરોગ, કેન્સર, ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ વિગેરે જેવા મેજર ઓપરેશન પછી ચાલુ રાખવી પડતી સારવાર માટે નીચેની શરતો અનુસાર ખર્ચ ભરપાઇ કરી આપવામાં આવશે.

(1) જો દવાઓ મોંઘી હોય તો ખરીદવામાં આવેલી દવાઓનો દર્દીએ ઉપયોગ કર્યો છે તે બાબતનું પ્રમાણપત્ર જે તે તબીબ પાસેથી મેળવવાનું રહેશે.

(2) જો દર્દીએ તબીબી અધીકારીની મંજૂરીબાદ માન્ય હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યું હોય તો જ આવી સારવાર માટેનું ખર્ચ  ચુકવી શકાશે.

(3) શરૂઆતમાં OPD સારવાર ઓપરેશન પછી ઇસ્પિતાલમાંથી રજા આપ્યાના છ માસ સુધી આપી શકાશે તે કરતા વધારાના સમય માટે સરકારી નિષ્ણાત પાસેથી નવેસરથી ભલામણ મેળવવાની રહેશે.

આ ઉપરાંત Poliomyelities, Cerebral PalsySpastics, લેપ્રસી, થેલેસેમિયા મેજર, હિપેટાઇટીસ સી અને ડી વિગેરે રોગો માટે ભારત સરકારના વખતોવખતના ધોરણો અનુસાર સારવારનો ખર્ચ ભરપાઇ કરી આપવામાં આવશે.

13.0 તબીબી સારવાર માટે એડવાન્સ

13.1 સામાન્ય રીતે એક જ દર્દ/ સારવાર માટે એક વખત એડવાન્સ ચુકવી શકાશે. જો દર્દી માન્ય ઇસ્પિતાલમાં સારવાર લેતા હશે/ લેવાના હશે તો જ એડવાન્સ ચુકવી શકાશે.

13.2 એડવાન્સ માટે સેવકે કુલસચિવને વિભાગીય અધ્યક્ષ મારફતે જરૂરી આધાર સાથે અરજી કરવાની રહેશે.

13.3 ટીબી, કેન્સર જેવા રોગો કે જેમાં લાંબાગાળા માટે સારવાર લેવાની થાય તો તે સમયે જે તે ફિઝીશીઅનની ભલામણને આધારે રૂ.10,000ની મર્યાદામાં એડવાન્સ મંજૂર કરી શકાશે.

13.4 બાયપાસ સર્જરી, કિડની ટ્રાન્સપ્લાન્ટ જેવા મેજર ઓપરેશન માટે માન્ય હોસ્પિટલ દ્વારા આપવામાં આવેલા એસ્ટીમેટના ૭૦ ટકા સુધીની રકમ એડવાન્સ તરીકે મંજૂર કરી શકાશે.

13.5 એડવાન્સની રકમ સીધી હોસ્પિટલને ચુકવવામાં આવશે.

13.6 સારવાર પૂરી થયાના એક માસમાં સેવકે બાકીની રકમનો ક્લેઇમ મેળવવા નિયત અરજી પત્રકમાં મેડીકલ બીલ રજૂ કરવાનું રહેશે. જો એડવાન્સની રકમ પૂરેપૂરી ન વપરાઇ હોય તો સેવકે ઇસ્પિતાલમાંથી રજા આપવામાં આવે તેના એક માસમાં વધેલી રકમ વિદ્યાપીઠને પરત કરવાની રહેશે અન્યથા માસિક 1.2 ટકાના દરે વ્યાજ વસુલવામાં આવશે.

14.0 આ નિયમો અમલમાં આવતા અગાઉના નિયમો/ જોગવાઇઓ/પરિપત્રો આપોઆપ રદ થશે.

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ

અમદાવાદ
તા. /09/2016

**ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ-380 014**

**તબીબી સારવાર અંગેના નિયમો**

પરિશિષ્ઠ-1

ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણ વિભાગ અંતર્ગત વિભાગોની યાદી

| ક્રમ | વિભાગ |
| --- | --- |
| | અ. અમદાવાદ સ્થિત વિભાગો |
| 1. | મુખ્ય કાર્યાલય |
| 2. | ગ્રંથાલય |
| 3. | મહાદેવ દેસાઇ સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ |
| 4. | કમ્પ્યુટર વિભાગ |
| 5. | યુનિવર્સિટી સાયન્સ ઇન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટર |
| 6. | દ્રશ્ય-શ્રાવ્ય વિભાગ |
| 7. | શિક્ષણ મહાવિદ્યાલય |
| 8. | હિન્દી શિક્ષક મહાવિદ્યાલય |
| 9. | વિદ્યાર્થી રોજગાર પરામર્શ એકમ |
| 10. | આજીવન શિક્ષણ વિભાગ |
| 11. | છાત્રાલયો |
| 12. | શાંતિ સંશોધન અને ગાંધીદર્શન વિભાગ |
| | બ. ગ્રામસેવા કેન્દ્રોમાં આવેલા વિભાગો |
| 1. | મહાદેવ દેસાઇ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા |
| 2. | મહાદેવ દેસાઇ શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા |
| 3. | સૂક્ષ્મ જીવાણું વિભાગ |
| 4. | મહાદેવ દેસાઇ ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા |
| 5. | ગ્રામવ્યવસ્થાપન કેન્દ્ર, રાંધેજા. |

## ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ – 380 014

## પરિશિષ્ઠ-2

## સી.જી.એચ.એસ. અંતર્ગત માન્ય કરવામાં આવેલી હોસ્પિટલ્સ પૈકી અમદાવાદની હોસ્પિટલ્સ

| ક્રમ નંબર | હોસ્પિટલનું નામ | સરનામું અને ટેલીફોન નંબર | NABH/Non NABH દ્વારા અધિકૃત થયેલ છે. | સગવડતાની યાદી |
|---|---|---|---|---|
| 1 | શેલ્બી હોસ્પિટલ | કર્ણાવતી ક્લબની સામે,<br>એસ.જી.રોડ<br>અમદાવાદ – 15<br>40203000/107/108<br>Fax - 40203109 | NABH | General & multi speciality Radio diagnostic/Lab diagnostic/Cardiology & Cardio Thoracic surgery/Urology & Uro Surgery including Haemo Dialysis/Litho tropsy/ Orthopedic & Joint Replacement/endoscopic and Laproscopic surgery/ENT/oncology & onco surgery |
| 2. | એપોલો હોસ્પિટલ | પ્લોટ નં.1A, ભાટ<br>જી.આઇ.ડી.સી.<br>એસ્ટેટ ડીપાર્ટમેન્ટ,<br>ગાંધીનગર 382428<br>ફોન નં.<br>07966701800/66701843 | NABH | General & multi speciality Radio diagnostic/Lab diagnostic/Cardiology & CTVS/Urology & Uro Surgery /Renal transplant/litho tripsy/liver transplant/Orthopdic & Joint Replacement/Gasto entrology/GI Surgery/Endoscopic and Laproscopic surgery/ENT/oncology & onco surgery |
| 3 | એપેક્ષ હાર્ટ | G-K, મોંડલ બીઝનેસ પાર્ક, | Non-NABH | Cardiology & CVTS |

| | | | | |
|---|---|---|---|---|
| | ઇન્સ્ટીટ્યૂટ | ગુરૂદ્વારા નજીક,<br>એસ.જી.હાઇવે, અમદાવાદ<br>ફોન નં. 079-26842299<br>ફેકસ નં. 079-26842299 | | |
| 4. | સામવેદ ઓર્થોપેડીક હોસ્પિટલ | ત્રીજો માળ, સોપાન ફ્લેટ, સ્ટેડીયમ સર્કલથી કોર્મસ કોલેજ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ<br>ફોન નં. 079-26562993<br>ફેકસ નં. 079-26562232 | Non-NABH | Orthopedic & Joint Replacement/ |
| 5 | એશીયન બારીયાટ્રીક્સ સર્જરી | એસ.નં.235/2, રાજપથ ક્લબ સામે, એસ.જી. હાઇ-વે, અમદાવાદ-15<br>ફોન નં. 079-66556655 | Non-NABH | Bariatric Surgery |
| 6 | પારેખ હોસ્પિટલ | શ્યામલ ક્રોસ રોડ નજીક, જીવરાજ મહેતા બ્રીજ પાસે, સેટેલાઇટ, અમદાવાદ<br>ફોન નં. 079-40219999<br>મો.નં. 9327015736 | Non-NABH | General & multi speciality/orthopedic & joint replacement/neurology & neuro surgery/Gestro enterology & GI. Surgery/endoscopy & Larposcopic surgery./onco surgery/ENT/laboratory & Radio diagnostic |
| 7 | આનંદ સર્જીકલ હોસ્પિટલ પ્રા.લીમીટેડ | મેમ્કો ક્રોસ રોડ, નરોડા રોડ, અમદાવાદ 382345<br>ફોન નં. 22815100/22814424<br>ફેક્સ નં. 079-22814824 | Non-NABH | General & multi speciality Radio diagnostic/lab diagnostic/cardiology/urology & Uro surgery including Haemo. Dialysis/Orthopedic/Endoscopic and Laproscopic surgery/ENT/oncology & oncosurgery/Gestro enterology |
| 8 | સાલ હોસ્પિટલ એન્ડ મેડિકલ ઇન્સ્ટીટ્યૂટ | દૂરદર્શન કેન્દ્ર નજીક, ડ્રાઇવ-ઇન રોડ, થલતેજ, અમદાવાદ | NABH | General & multi speciality Radio diagnostic/Lab diagnostic/Cardiology & Cardio |

| | | | | |
|---|---|---|---|---|
| | | ફોન નં. 079-66115600<br>ફેક્સ નં. 079-66115620 | | Thoracic surgery/Urology & Uro Surgery including Haemo Dialysis/ Litho tropsy/Orthopedic & Joint replacement/endoscopic and laproscopic surgery/ENT/oncology & oncosurgery |
| 9 | બોડીલાઇન હોસ્પિટલ | અન્નપૂર્ણા હોલ પાસે, નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ<br>ફોન નં. 079-26640505<br>ફેક્સ નં. 079-26640558 | Non-NABH | General & speciality purpose/Radiodiagnostic & Lab diagnostic/Heomo dialysis/onco surgery/Endoscopic & laparoscopic surgery |
| 10 | નારાયણ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ | પોલીસ સ્ટેશન પાસે, ચકુડીયા મહાદેવ, રખીયાલ ક્રોસ રોડ, અમદાવાદ 23<br>ફોન નં. 079-71222398/71222698 | Non-NABH | General & multi speciality /Laboratory & Radio diagnostic/Cardiology & Cardio Thoracic surgery/Haemo dialysis/Lithotripsy/orthopedic & joint replacement/neurology & neuro surgery/oncology & oncosurgery/ENT/Gestro enterology & GI. surgery/endoscopy Laparoscopic surgery. |

EXCLUSIVE EYE CENTRES : CGHS, AHMEDABAD

| ક્રમ નંબર | હોસ્પિટલનું નામ | સરનામું અને ટેલીફોન નંબર | NABH/Non NABH દ્વારા અધિકૃત થયેલ છે. | સગવડતાની યાદી |
|---|---|---|---|---|
| 11 | વાસન આઇ કેર હોસ્પિટલ | પંચવટી,<br>લો-ગાર્ડન, અમદાવાદ-7<br>ફોન નં. 079-39890000 | Non-NABH | Exclusive Eye Treatment |
| 12 | દિયા આઇ હોસ્પિટલ | હીરા બાગ, આંબાવાડી, અમદાવાદ<br>ફોન. નં. 079-26562006<br>ફેક્સ નં. 079-26408726 | Non-NABH | Exclusive Eye Treatment |
| 13 | આઇ કેર હોસ્પિટલ | પોલીટેકનીક, આંબાવાડી, અમદાવાદ<br>ફોન નં. 079-26446133<br>ફેકસ નં. 079-26561276 | Non-NABH | Exclusive Eye Treatment |
| 14 | વેદ સ્પેશ્યાલીટી હોસ્પિટલ | 'p' મોંડીયલ બીઝનેસ પાર્ક, ગુરૂદ્વારા નજીક, એસ.જી.હાઇ-વે, થલતેજ, અમદાવાદ-59<br>ફોન નં. 079-29703031 | Non-NABH | Exclusive Eye Treatment |

DIAGNOSTIC CENTRES – CGHS, AHMEDABD

| ક્રમ નંબર | હોસ્પિટલનું નામ | સરનામું અને ટેલીફોન નંબર | NABH/Non NABH દ્વારા અધિકૃત થયેલ છે. | સગવડતાની યાદી |
|---|---|---|---|---|
| 15 | ઇનફોકસ ડાયાગ્નોસ્ટીકસ | 45-બી, સ્વસ્તીક સોસાયટી, વિપુલ દુધીયા નજીક, સ્ટેડીયમ સર્કલ રોડ, નવરંગપુરા. અમદાવાદ<br>Ph no. 079-26467285<br>Fax no. 079-26464785 | Non-NABH | Lab Diagnostic & Radiology Health Checkup |

EXCLUSIVE DENTAL CLINICS – CGHS, AHMEDABAD

| ક્રમ નંબર | હોસ્પિટલનું નામ | સરનામું અને ટેલીફોન નંબર | NABH/Non NABH દ્વારા અધિકૃત થયેલ છે. | સગવડતાની યાદી |
|---|---|---|---|---|
| 16 | આસુ ડેન્ટલ એન્ડ મલ્ટીસ્પેશ્યાલીટી ક્લીનીક | નવરંગપુરા પોસ્ટ ઓફીસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ<br>ફોન નં. 079-26441412<br>ફેક્સ નં. 079-26449113 | Non-NABH | Exclusive Dental Treatment |

નોંધઃ- 1. સરકારશ્રી દ્વારા ચોક્કસ સમય માટે માન્યતા આપવામાં આવતી હોઇ ઉપરોક્ત યાદી આખરી ગણવી નહિ. સેવકે સારવાર લેતા પહેલા હોસ્પિટલની માન્યતા અંગે તપાસ કરી લેવી. બીલ મંજૂરી સમયે જરૂર જણાય તો માન્યતા અંગેનું પ્રમાણપત્ર મેળવવાની જવાબદારી સંબંધિત સેવકની રહેશે.

2. સીજીએચએસ અંતર્ગત માન્યતા આપવામાં આવેલી ખાનગી હોસ્પિટલોને જે રોગની સારવાર માટે માન્યતા આપવામાં આવી છે તે રોગ માટે જ તે હોસ્પિટલમાં સારવાર માટે નિયમોઅનુસાર ખર્ચ રીઇમ્બર્સ કરી આપવામાં આવશે. તે સિવાયના રોગની સારવાર માટે ખર્ચ મળવાપાત્ર થશે નહિ.

**ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ – 380 014**

**તબીબી સારવાર અંગેના ધોરણો**

**પરિશિષ્ઠ-3**

**ક્ષય/રક્તપિત્ત. કેન્સર. કીડની વગેરેની સારવાર માટે રાજ્ય સરકાર માન્ય સંસ્થાઓ**

**અ. ક્ષય રોગ માટે :**

1. ધી સાલ્વેશન આર્મી ટ્યુબક્લોસીસ હોસ્પિટલ, આણંદ, જિ. ખેડા
2. ધી એન્ટીટ્યુબરક્લોસીસ હોસ્પિટલ અને પરીન બાનું એન્ટી-ટ્યુબરક્લોસીસ ડીસ્પેન્સરી, અશ્વિનકુમાર રોડ, પી.ઓ. કતારગામ, જી. સુરત.
3. ધી કે.જે.મહેતા, ટી.બી.હોસ્પિટલ. અમરગઢ (સૌરાષ્ટ્ર) જે સ્થાનિક રીતે જીંથરી હોસ્પિટલ તરીકે ઓળખાય છે.
4. શ્રી દરબાર ગોપાલદાસ દેસાઇ એન્ટી ટી.બી.ક્લિનિક, આણંદ, જિ. ખેડા
5. શ્રી બાસુદીવાલા ટી.બી.સેનેટોરિયમ. પલાણા, જિ. ખેડા
6. શ્રી એ.વી.જસાણી, ટી.બી.સેનેટોરીયમ, કોઠારીયા, જિ. રાજકોટ.
7. શ્રી સી.યુ.શાહ ટી.બી. સેનેટોરીયમ, સુરેન્દ્રનગર
8. ભારતીય આરોગ્યનિધિ, ટી.બી. સેનેટોરીયમ. પાટણ. જિ. મહેસાણા
9. શ્રી બી.એસ.નથવાણી હોસ્પિટલ, કેશોદ. જિ. જુનાગઢ
10. માંડવી જિલ્લા ટી.બી.એસોસીએશન. માંડવી (કચ્છ)
11. શ્રીમતી સી.એમ.ગાંધી, ટી.બી. હોસ્પિટલ. ઉના, જિ. જુનાગઢ
12. શ્રી સી.જે.ફીઝીવાલા, આરોગ્યભવન. ધર્મજ, જિ. ખેડા
13. વડોદરા જીલ્લા ક્ષય એસોસીએશન. વડોદરા
14. માંડવી ડીસ્ટ્રીક્ટ ટી.બી.એસોસીએશન. મસ્કા. તાલુકો માંડવી (કચ્છ)
15. ટી.બી.સેનેટોરીયમ, સાદરા. જિ. અમદાવાદ

તબીબી અધિકારીશ્રીએ દર્દીની હાલત ધ્યાનમાં રાખીને તેમને યોગ્ય જણાય તેવી રીતે દર્દીને હોસ્પિટલ અગર સેનેટોરીયમમાં અંદરના દર્દી તરીકે સારવાર મેળવવાનો અગર તો બહારના દર્દી તરીકે સારવાર લેવાનો નિર્ણય તેમની મનસુફી ઉપર લેવાનો રહેશે.

ઠરાવેલ રાહત મેળવવા માટે દર્દીએ નીચે પ્રમાણેનું જાહેરનામું અધિકૃત તબીબી ચિકિત્સકના પ્રતિ હસ્તાક્ષર સાથે રજૂ કરવાનું રહેશે.

આથી હું જાહેર કરું છું કે ...................... ડો. શ્રી ............................................... ના હાથ નીચે

...................... રોગની સારવાર હેઠળ હતો અને તેમની સલાહ પ્રમાણે ખાસ ખોરાક તેમજ દવાઓ જેવી કે .................... લીધેલ, જે માટે મેં તા. .................... થી તા. ...................... ના સમય દરમ્યાન માસિક રૂ. ................ લેખે ખર્ચ કરેલ છે. હાલ મારો માસિક પગાર રૂ. ................ લેખે છે.

સેવકની સહી

અધિકૃત તબીબી ચિકિત્સકની સહી તથા હોદ્દો

**બ. રક્તપિત્ત માટે**

1. ધી પાર્વતીબાઇ લેપ્રસી ઇન્ફરમરી એન્ડ ધી લેડી વિલસન લેપ્રસી ક્લીનીક અશ્વિનકુમાર રોડ, સુરત.
2. શ્રી મેઘજી પેથરાજ શાહ, કષ્ટ નિવારણ ધામ. રૂઆપુરી રોડ, ભાવનગર
3. વડોદરા જિલ્લા એન્ટી લેપ્રસી એસોસીએશન. વડોદરા

**ક. કેન્સર માટે**

1. શ્રી એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ. અમદાવાદ
2. શ્રી નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ. રાજકોટ

**ડ. લેથોસ્ટ્રેપ્સી (પથરીના ઓપરેશન માટે)**

1. પી. આઇ. હેલ્થ કેર સેન્ટર. રાજકોટ* (ઠ.તા. 22-3-94)

* આ હોસ્પિટલમાં લીધેલ સારવાર અંગેનો ખર્ચ ઇન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદમાં લેવામાં આવતી ફીના દરે મળવાપાત્ર રહેશે. (ઠ.તા. 22-3-94)

**ઇ. કિડનીના રોગ માટે**

**1. મૂળજીભાઇ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલ, નડીઆદ**

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ – 380 014

તબીબી સારવાર માટેના ધોરણો

પરિશિષ્ઠ-4

સેવકના પતિ/ પત્નિ, બાળકો સિવાય દર્શાવેલા આશ્રિતો માટે આપવાની માહિતી.

1. સેવકનું નામઃ-
2. વિભાગઃ-
3. હોદ્દોઃ-
4. સેવક સાથે રહેતા અને સેવક દ્વારા આશ્રિત તરીકે દર્શાવેલ પતિ/ પત્નિ તથા બાળકો સિવાયના આશ્રિતની આવક અંગેની માહિતીઃ-

| ક્રમ | આશ્રિતનું નામ | સેવક સાથેનો સંબંધ | પરિણીત/ અપરિણીત | જન્મ તારીખ | વ્યવસાય | આશ્રિતની માસિક કુલ આવક |
|---|---|---|---|---|---|---|
| 1. | 2. | 3. | 4. | 5. | 6. | 7. |
| 1. | | | | | | |
| 2. | | | | | | |
| 3. | | | | | | |
| 4. | | | | | | |

(Continue)

| આશ્રિત જે મકાન ધરાવતા હોય તો તેની વિગત | મકાન ભાડે આપેલ છે કે પોતાના કબજામાં | આશ્રિત ખેતીલાયક જમીન ધરાવતા હોય તો તેની વિગત | બેંક ખાતામાં મળેલ વ્યાજની આવક | શેર્સ/ મ્યુચ્યુઅલ ફંડ વિગેરેમાંથી આવક |
|---|---|---|---|---|
| 8. | 9. | 10. | 11. | 12. |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

5. સેવકના ભાઇ-બહેન કે કુટુંબના અન્ય કોઇ સભ્ય સરકારી કે અર્ધસરકારી સંસ્થામાં કામ કરતા હોય તો તેની વિગતઃ-

આથી હું જાહેર કરું છું કે ઉપર જણાવેલી માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે. ઉપરોક્ત માહિતીમાં ભવિષ્યમાં એવો કોઇ ફેરફાર થાય કે જેને કારણે તે સભ્યને આશ્રિત ગણવાનું બંધ કરવું પડે તેવી માહિતી હું સંસ્થાને તાત્કાલિક પૂરી પાડીશ.

સ્થળઃ- સેવકની સહી વિભાગીય વડા

નોંધઃ- સેવકે દર વર્ષે તા.15મી જાન્યુઆરી સુધીમાં આ પત્રકમાં માહિતી કુલસચિવશ્રીને પૂરી પાડવાની રહેશે

## ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ – 380 014

### તબીબી સારવાર માટેના ધોરણો

### પરિશિષ્ઠ-5

### સેવકના પતિ/ પત્નિ સરકારી કે અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા હોય તો સેવકે આપવાનું સંયુક્ત ડિક્લેરેશન

1. સેવકનું નામઃ-
2. વિભાગઃ-
3. હોદ્દોઃ-
4. સેવકના પતિ/પત્નિનું નામઃ-
5. તેઓ જે સંસ્થામાં ફરજ બજાવતા હોય તેનું નામ સરનામુઃ-

આથી અમે (સેવકનું નામ)................................................................ સેવકના પતિ/ પત્નિનું નામ...................................................................... આજરોજ તા..        ના રોજ જાહેર કરીએ છીએ કે મારા પતિ/ પત્ની કે જેઓ ........................................................................ ઓફીસમાં ફરજ બજાવે છે તેમણે તેમની ઓફીસમાંથી મેડિકલ એલાઉન્સ અને અથવા મેડિકલ રિઇમ્બર્સમેન્ટની સવલત જતી કરીને ગૂજરાત વિદ્યાપીઠમાંથી આ લાભ લેવાનું સ્વીકાર્યું છે.

અથવા

મારા પતિ/ પત્ની તેમની ઓફીસમાંથી મેડિકલ એલાઉન્સ લેવાનું ચાલું રાખશે અને વિદ્યાપીઠમાંથી તે માટે કોઇપણ પ્રકારનો ક્લેઇમ કરીશું નહિ. અમારા બાળકો માટે મેડિકલ રીઇમ્બર્સમેન્ટની સુવિધા ગૂજરાત વિદ્યાપીઠમાંથી લેવાનું રાખીશું.

અમદાવાદ        સેવકની સહીઃ-

તારીખ        સેવકના પતિ/ પત્નિની સહીઃ-